સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

સલામી સવારની..

સત્તાની માગે છે ખંડણી આતંક મચાવે છે,
રાષ્ટ્રીય નેતૃત્વને રાવણો હચ-મચાવે છે,
કચ-કચાવે ત્રાગાં કચેડે શિસ્તને પગતળે -
ચૂંટણી ફંડ ને ટૂકડે પક્ષને નચાવે છએ..
(પક્ષ સામે દાદાગીરી)

હાઈકુ

શિસ્તની ધાણી,
ને નાક લીટી તાણી -
આબરૂ પાણી..

લાચાર સંઘ
ઉદ્યોગોની કાતરે
વેતર્યા કદ..

(રાષ્ટ્રીય સ્તરનાં નેતા વામણા)

ચિંતન

લક્ષ્મયા પરિપૂર્ણ ઓહમં ન ભયં મે અસ્તીતિ મોહ નિદ્રયા ।
પરિપૂર્ણસ્થે વેન્દ્રૌ ભવતિ ભવં સિંહિકા સૂનો ॥

'ભરપૂર સંપત્તિ હોવાનો કારણે, હવે હું સંપૂર્ણ છું અને સમૃધ્ધ છું. હવે મને કોઇ પણ પ્રકારનો ભય નથી એ તો મોહની નિંદ્રા છે. પૂનમનો ચંદ્ર સોળે કળાએ પરિપૂર્ણ હોય ત્યારે જ તેને રાહુ દ્વારા ગ્રહણનો ભય હોય છે.'

યોગ્યતા-લાયકાત કે સદ્‌ગુણ ન હોય, ચારિત્ર્યવાન ન હોય-સંસ્કાર ન હોય એવા માણસને સત્તા-પદ-પૈસો મળી જાય ત્યારે અભિમાનમાં આછકલાઇ આવી જાય છે. ન્યાય-કાયદા-નિયમથી પોતાની જાતને અલગ સમજવા લાગે છે.

વિશ્વમાં કોઇ પણ કામ પૈસા દ્વારા થઇ જાય છે. વિશ્વની કોઇ પણ વસ્તુ-વ્યક્તિ પૈસા દ્વારા ખરીદી શકાય છે એવું તેને મિથ્યા જ્ઞાન થઇ જાય છે. પોતાને સંપૂર્ણ માનવા લાગે છે. પોતાનાથી 'બધું' જ થઇ શકે એવી સર્વોપરી 'સત્તા' સમજવા લાગે છે. ગુન્હેગારવૃત્તિ-લૂંટ-ખૂન - અને બળાત્કાર કરનારા ગુનાઇત વૃત્તિ ધરાવતા ધનિકોની આ વૃત્તિ તેમને બહેવાવી નાખે છે. અને કોઇ પણ 'અનીતિમય' નિર્ણય કે પ્રવૃત્તિ કરતાં અચકાતા નથી, પોતાને નિર્ભય સમજે છે. જેમ પૂર્ણ એવા ચંદ્રને રાહુ ગળી જાય છે એમ ભલભલા સર્વોચ્ચ બની બેઠા હોય તો પણ કાયદો-કાયદાનું કામ કરે જ છે.

સુવિચાર

- આપણે બીજાને, બીજાના રહસ્યોને આરપાર જોવા ઇચ્છીએ પણ આપણને કોઇ આરપાર જુએ તે પસંદ નથી - **જોશો**
- ઇશ્વરને શોધવાનું પહેલું પગથિયું પ્રાર્થના છે - **મહાવીર સ્વામી**
- હૃદયપૂર્વકની પ્રાર્થના અને પરમાત્મા વચ્ચે બહુ જ ઓછું અંતર છે - **સ્વામી આનંદ**
- તમે સુખી છો કે દુખી તેના વિશે વિચારણા કરવાની ફૂરસદ હોવી, એ જ દુખનું મૂળ કારણ છે - **બર્નાર્ડ શૌ**
- જીવન એટલે શ્રમ અને પ્રેમની સરિતાનો સંગમ - **સ્વેટ માર્ડન**
- પરિશ્રમથી જ સફળતા મળે છે માત્ર જાહેરાતો, આયોજનો અને વિચારણાથી નહીં- **ફ્રેંકલીન**
- લાયકાત વગરનાની પ્રશંસા એ ઢાંકેલી મશ્કરી જ છે - **બ્રોડહાર્ટ**

બોધકથા

આજકાલ ધનિકો, બિલ્ડરો, પોલીસ અને પ્રધાનશ્રીઓનાં સંતાનો પિતાના પૈસા પર તાગડધિન્ના કરે છે. નશા-અને નશીલી દવામાં ચક્ચૂર થઇ રેવ પાર્ટીઓ કરે છે. બેફામ ડ્રાઇવીંગ અને કાયદાને કમરમાં રાખી કેફમાં ફરે છે. બાપકમાઇમાં ભાન ભૂલે છે.

એકવાર લેખક સત્યકામ વિદ્યા-લંકાર અમેરિકાના પ્રવાસ પર હતા. સિયેટલ વિસ્તારમાં પગપાળા ચાલતાં જતાં હતા. ત્યાં એક તરૂણ વિદ્યાર્થી વર્તમાનપત્ર વેંચતો સામે આવી ઊભો રહ્યો.. અને પૂછ્યું. આજનું વર્તમાનપત્ર ખરીદશો?

વિદ્યાલંકારે - નનૈયાત્મક ફેરવી - ના પાડી.

પેલા તરૂણે ફરી આગ્રહ કરતાં કહ્યું, 'માત્ર એક સેંટની જ કિંમત છે, વધારે નથી!'

શ્રી સત્યકામ ને આ આગ્રહ પાછળ તરૂણની લાચારીનો વિચાર આવ્યો અને પૂછી લીધું. શું તમારો પરિવાર ગરિબ છે?

તરૂણ બોલ્યો - કેમ? મારાં માતા-પિતા એક સુંદર સ્ટોલ ચલાવે છે અને સાધન-સંપન્ન છે!!

શ્રી વિદ્યાલંકારે કહ્યું, તો, એમ છતાં તું અખબાર શા માટે વેંચે છે?!

હવે તરૂણે ખૂમારી સાથે જવાબ દીધો - એમની આવક પર ટકી હું મારી જાતને પંગુ બનાવવા ઇચ્છતો નથી. એટલું કહી તેમનો કોઇ શબ્દ સાંભળ્યા વિના એ ફરી બૂમ પાડતો આગળ વધી ગયો.

નેતૃત્વનું વિકેન્દ્રીકરણ : એકલા દિલ્હીવાસી જ રાષ્ટ્રીય નેતા બની શકે?

મારી નજરે

- વિષ્ણુ પંડ્યા

મોદી, મુંબઇ, ગડકરી...

મુંબઇમાં આમ તો ભાજપની કારોબારી મળવી એ સાવ રૂટીનની, સામાન્ય ઘટના હતી પણ મીડિયાને મજા પડી ગઇ - મોદી, જોશી, ગડકરી નામે ત્રણ દિશાનાં નામ સાથે જાતભાતની ન્યૂઝ સ્ટોરી અને અનુમાન - અટકળોથી ટીવી પડદો ગાજતો રહ્યો. છાપાંઓમાં યે ગઇકાલ અને આજ ભાજપની સામગ્રી પૂરી પાડી રહ્યાં છે.

છેવટે હતું શું ને થયું શું? વાત કારોબારીમાં નરેન્દ્ર મોદી જશે કે નહીં તેનાથી શરૂ થઇ. ગુજરાતમાં હવે 'કટોકટી પછીની હાલત' જોનારા કેશુભાઇ પટેલને ય આમંત્રણ હતું એટલે તેઓ મુંબઇ જશે કે કેમ તે સવાલ ગુજરાતી અખબારોમાં છવાયેલો હતો. કેશુબાપા ના ગયો અને મોદી ગયા. તેની વચ્ચે એક ફટાકડો એવો ફૂટ્યો કે પ્રચારક સંજય જોશીએ કારોબારીમાંથી રાજીનામું આપી દીધું એમ કહીને કે વિવાદ ટાળવા માટે હું રાજીનામુ આપું છું.

ગડકરીને આ સમાચારથી ભરપૂર ઓક્સિજન મળી ગયો! અને પછી વધું રાબેતા મુજબ થયું : કારોબારીમાં ચર્ચા થઇ, ઠરાવો આવ્યા, પસાર થયા, નેતાઓએ શિખામણ આપી પ્રમુખનું ભાષણ થયું... સાંજે રેલીમાં કેટલાક આવ્યા, બીજા ના આવ્યા.

ભાજપને કોંગ્રેસની ખળખળી ગયેલી હાલત સામે સફળ થવાની તક તો છે પણ તેણે આત્મમંથન કરીને સમગ્ર સ્વરૂપ બદલવું પડે. આજનો ભાજપ ઘણી બાબતોમાં અધૂરો છે. અટલ બિહારી વાજપેયી જેવું ઉદાર, સમન્વયવાદી અને અસરકારક નેતૃત્વ ક્યાં? કડવી વાસ્તવિકતા એ છે કે ગડકરી એ વાજપેયી નથી એ પોતે ય નિખાલસતાથી માનતા હશે કે પોતે વાજપેયી જેટલી ઊંચાઇ ધરાવતા નથી. મોદી ધારે તો એ ઊંચાઇ પર પહોંચી શકે એવું માનનારાઓની ખોટ નથી.

...અને પક્ષની અસ્સલ વિચારસરણીએ તો પ્રજામાં પક્ષ પ્રત્યે આદર ઊભો કર્યો હતો તે ય ભૂલાઇ ન જાય. ડો. શ્યામાપ્રસાદ મુખરજી, પંડિત દીનદયાળ ઉપાધ્યાય, આચાર્ય રઘુવીર જોશી, દેવપ્રસાદ ઘોષ... એક એકથી ચઢિયાતાં શક્તિસંપન્ન નેતાઓ જનસંઘ - ભાજપમાં હતા તેમણે પક્ષને વધુ મજબૂત બનાવ્યો... તે પછી જ તે સત્તા પર આવ્યો. અગાઉના નેતૃત્વનું શાનદાર પ્રતિક હતા અટલ બિહારી વાજપેયી. ભાજપનાં સમગ્ર અને સર્વસ્પર્શી, દૂરદૃષ્ટા નેતા હતા વાજપેયી.

તેમની પાસે વિચાર હતો, વિચારધારા હતી, અણથક મહેનત હતી. વક્તૃત્વ હતું, સંમોહક વ્યક્તિત્વ હતું... ઉદારવાદી સ્વભાવ હતો. પક્ષમાં - અને પછી એનડીએની સરકારમાં - એકબીજાથી છેડાના નેતાઓને તેમણે સાંચવી લીધા હતા. પાકિસ્તાન પણ તેમની ઇજ્જત કરતું હતું! વાજપેયી ભાજપનાં નવાં નેતૃત્વ માટે 'રોલ મોડેલ' બનવાં જોઇએ!

ભાજપમાં અત્યારે જે નેતાઓ છે તે ૫૦ થી ૭૦ વર્ષની વચ્ચેનાં છે... મોદી ગુજરાતમાંથી તેમાં અસરકારક રીતે પ્રવેશ્યા છે. પ્રદેશનાં નેતૃત્વને ય કેન્દ્રીય નેતૃતો સ્વીકારવું પડે એવી હવે સ્થિતિ છે. તેમની ઉપેક્ષા કરી શકાય તેમ નથી. દિલ્હીવાસી હોય તે જ 'સર્વોચ્ચ' ગણાય, બાકીનાં ક્ષત્રપો છે - એવું માનવાના દિવસો કોંગ્રેસ સહિત બધા પક્ષોમાં ચાલ્યા ગયા છે... મોદીનું મહત્ત્વ આ પરિબળને ય આભારી છે.

રબ્બર સ્ટેમ્પ ના જોઇએ...

રાષ્ટ્ર પ્રમુખ અને લોકસભાનાં સ્પીકર : આ બે જગ્યા તો એવી છે કે જયાં કોઇ તદ્દન નિષ્પક્ષ, સાફ-સ્વચ્છ અને પ્રતિભાવાન કુશળ વ્યક્તિને જ પસંદ કરવી જોઇએ.

લોકશાહીની તંદુરસ્તીની આ એક સૌથી મહત્ત્વની અને અ-નિવાર્ય શરત છે એમ બંધારણના ઘડવૈયા પણ માનતા હતા. એ ઠીક છે કે આપણે વારંવાર ગાંધીજીની દુહાઇ દેતા આવ્યા છીએ કે તેમણે રાષ્ટ્ર પ્રમખ કોઇ હરિજનનો દીકરો કે ખેડૂત હોય તેવી ઇચ્છા રાખી હતી. જો કોઇ હરિજન કે ખેડૂત ઉપર જણાવેલી લાયકાત ધરાવતો હોય તો મુખરજીમાં ભય એવો છે કે રાષ્ટ્ર પ્રમુખ બની ગયા પછી રબ્બર સ્ટેમ્પની જેમ ના વરતે તો શું થાય?

સંગમાને સોનિયાજી પસંદ નહીં કરે. 'વિદેશી ભારતના વડાપ્રધાન ના બની શકે' એવી જાહેરાત કરનારાઓમાંના તે એક હતા ને? સંગમા વનવાસી છે, વિદ્વાન છે, સંસદના કુશળ સ્પીકર હતા, પણ એકલા નવીન - જયલલિતા કે પછી ડાબેરી પક્ષોનાં ટેકાથી જીતી જ જાય તેવી શક્યતા નથી. ભાજપે શાણપણપૂર્વક તેમને ટેકો આપવો જોઇએ અથવા કોઇ એવું બીજું નામ શોધી કાઢવું જોઇએ જે ખરા અર્થમાં રાષ્ટ્રપ્રમુખનું પદ શોભાવે, રબ્બર સ્ટેમ્પ બની ના રહે.

ભોળાભાઇ પટેલની વિદાય

હજુ હમણાં, ડિસેમ્બર મહિનામાં તેમણે સાહિત્ય પરિષદના પ્રમુખનું પદ સંભાળ્યું હતું અને જૂનાગઢ અધિવેશનને મધ્યકાલિન ગુજરાતી કવિતા પર વ્યાખ્યાન આપ્યું હતું.

છેલ્લું વક્તવ્ય, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આયોજિત પુસ્તક મેળામાં 'શતાબ્દી વંદના' નિમિત્તે તેમણે આપેલું. પન્નાલાલ પટેલ પર રઘુવીર ચૌધરી, પ્રહ્લાદ પારેક પર યોગેશ જોશી, ઉમાશંકર પર ચંદ્રકાંત શેઠ અને કૃષ્ણલાલ શ્રીધરાણી પર એ કાર્યક્રમમાં મારે બોલવાનું થયું, છેલ્લે ભોળાભાઇ બેઠાં બેઠાં બોલ્યા - રવીન્દ્રનાથનાં જીવન અને કવન પર.

શાયદ, એ તેમનું જાહેર વ્યાખ્યાન વિદાય - પ્રવચન હતું. છેલ્લા કેટલાંક વર્ષોથી તેમનું સ્વાસ્થ્ય ઠીક નહોતું રહેતું પણ લેખન - વાંચન - વક્તવ્યોમાં સક્રિય હતા. નાની સરખી વિગતોમાં યે એકદમ સજાગ રહે. ગયા વર્ષે કેન્દ્રની સાહિત્ય અકાદમી અને ગુજરાત સાહિત્ય અકાદમીના સંયુક્ત ઉપક્રમે ભાવનગરમાં શ્રીધરાણીની જન્મશતાબ્દી ઉજવવાનો સુંદર અવસર રહ્યો ત્યારે ભોળાભાઇ પણ હતા. અધ્યક્ષીય પદેથી તેમણે છેલ્લે બોલવાનું હતું. 'સમગ્ર શ્રીધરાણી' ગદ્ય અને કાવ્યનું સંપાદન આ દિવસે પ્રસ્તુત થયું. 'પત્રકાર શ્રીધરાણી' મારું પુસ્તક એટલે ભોળાભાઇએ મને પૂછ્યું : શ્રીધરાણી ગાંધીજીના દાંડીકૂચના પંચોતેર સત્યાગ્રહીઓમાં એક હતા?

મેં ના પાડી. કહ્યું કે કૂચમાં જરૂર આગળ - પાછળ રહ્યા, કરાડીમાં પકડાયા યે ખરા પરંતુ સત્યાગ્રહી ટૂકડીમાં નહોતા. એટલે મેં મારા પુસ્તકમાં તેમણે 'દાંડીકૂચના સક્રિય સાક્ષી' કહ્યા છે. ભોળાભાઇ આ વાતથી ખૂબ રાજી થયા, ને કહે : 'મેં પણ પૂરી તપાસ પછી પુસ્તકમાં લખ્યું છે તમે 'સક્રીય સાક્ષી' શબ્દ પ્રયોજ્યો તે ખૂબ ગમ્યો!

બંગાળી ભાષાનું ગુજરાતી અવતરણ અને લલિત નિબંધ : આ બે તેમના મોરપીંછ બની રહ્યા! થોડાંક વર્ષો પહેલાં તેમને 'પદ્મશ્રી' મળેલો પણ તેનો ઉલ્લેખ ગમતો નહીં! ભોળાભાઇની પુત્રવધુ તોરલ પણ સંપાદનકળામાં માહિર છે. આવું તેમણે ભોળાભાઇનાં સંપાદિત 'શ્રીધરાણી સમગ્ર સંચય' માં કરેલી જહેમત પરથી પ્રમાણિત થાય છે.

ભોળાભાઇ પટેલની શોકસભા પાંચ - સાત સંસ્થાઓમાં તેમણે કરેલાં પ્રદાની ગુણગાથા બની રહી! અસરકારક વક્તવ્ય મોરારિ બાપુનું હતું. તેમણે કહ્યું કે આ લેખકનાં સર્જક કર્મ પરથી એમ જરૂર અનુભવી શકાય છે કે આ શોકસભા નથી, શ્લોક સભા છએ. શ્લોકમાં આઘાત, દુઃખ, વિષાદ ના હોય, જીવનની ચેતના હોય છે. રઘુવીર ચૌધરીનો ભોળાભાઇની સાથેનો સંબંધ ૧૯૫૨ થી, એટલે સ્વાભાવિક રીતે તેમનાં વક્તવ્યમાં ગહન આંસુ ભળી ગયાં...

હિંદુ જીવનપદ્ધતિમાં પુનર્જન્મની આસ્થા એવું કહીશ : આ-વ-જો, ભોળાભાઇ!

ચાલીસ પછી ચાલીશ... તો... જીંદગીમાં ચાલીશ...

પ્રાસંગિક

- વાગ્મિન બૂચ

'મોર્નીંગ વોક' એ છેલ્લા થોડા વર્ષોમાં 'ઉપયોગી ફેશન' બની રહી છે. 'ઉપયોગી ફેશન' એટલા માટે કે સામાન્યતઃ 'ફેશન'ને ઉપયોગીતા સાથે કોઈ લાગેવળગે નહીં પણ ફેશન ખાતર પણ જો કોઈ ચાલવાનું રાખે તો એ ઉપયોગી થઈ જાય.

'મોર્નીંગ વોક'થી ફેશ થઈ જવાય એ નવી વાત નથી. પણ ચાલવાની સાથોસાથ ચાલનારાઓનું નિરીક્ષણ અને વિશ્લેષણ પણ ફેશ બનાવી શકે છે એવું એનુભવાયું છે. 'મોર્નીંગ વોક' કરનારાઓનું એક સુખદ વૈવિધ્ય હોય છે. જે નીચે મુજબની કેટેગરીમાં કદાચ સમાઈ જાય. (દરેક વાચકને એમાં ઉમેરો કરવાની છુટ છે.)

● નિયમિત અને આદર્શ રીતે ચાલનારા - ટટ્ટાર, ઝડપથી અને જરૂરી એવા શૂઝ કપડાં સાથે ચાલનારા

- 'રીયલ વોકર્સ'

● 'મોર્નીંગ વોક'ને બદલે ટહેલવા - ફરવા નીકળ્યા હોય એવા

-'ટહેલીયા'

● કાનમાં પૂમડાં નાખીને (મોબાઈલમાંથી ગીતો સાંભળનારા) એની ધૂનમાં ઉંચું જોઈ ચાલનારા

-'કાનસેન'

એમનાથી દુર ચાલવું પડે નહીં તો ક્યાંક નવાણીયા અથડાઈ પડે...

● કોઈ સાથીદાર મિત્ર સાથે ચાલતાં ચાલતાં ખૂબ ઉચ્ચકક્ષાની 'શિખર મંત્રણા' જેવી જોરદાર ચર્ચા કરનાર

-'વિદ્વાન'

● પતિ - પત્નિ સાથે હોય તો મુખ્યત્વે સાંભળવાનો રોલ પતિદેવો જ કરતા હોય એવા યુગલો

-'આદર્શપતિ'

● લઘર - વઘર રહેવું એ એમનો મુળભૂત સિધ્ધાંત હોય તેમ પુરૂષો લેંઘા - સ્લી પર - ચપ્પલ પહેરીને અને મહિલાઓ સાડી સાથે સપાટ જેવા ચપ્પલ કે સ્લીપર પહેરીને ત્રાંસા પગલાં પાડતા હોય તેવા

-'લઘર - વઘરીયા'

● પત્થરના ફૂટપાથને બદલે બાજુમાં માટીની કેડી ઉપર ચાલનારા

- 'ધરતી પ્રેમી'

● 'ડોગી - પાળેલા કુતરા'ને લઈને નીકળેલા જેમાં મુખ્ય 'મોર્નીંગ વોક' ડોગી જ કરતો હોય.

- 'વિદ્વાન'

● આખી દુનિયાનો ભાર સતત એમના જ માથે હોય એવા ગંભીર મુખમુદ્રાવાળા... કેટલાક હટ્ટા-કટ્ટા અને પડછંદ પુરૂષો કરડાકી ભર્યા ચહેરે સામેથી એવી રીતે આવે કે આપણે 'મારો કાંઈ વાંક-ગુનો' એવા ભાવથી દુર ખસી જવામાં ડહાપણ માનવું પડે.

- 'ભાઈલોગ'

● ઘણો મોટો મહિલા વર્ગ (કોઈપણ ઉંમરે) એવા જ ખ્યાલમાં હોય કે એમની સામે કોઈ જોઈ જ રહ્યું છે... આવા મોટાભાગના મહિલા ચાલકો શુષ્ક - નિર્લેપ, ગંભીર અને અનાસકત ભાવને ચહેરા પર એકદમ ચીપકાવીને જ ચાલવા નીકળે... (એક ચેહેરે પે કંઈ ચેહેરે લગા લે તે હૈ લોગ...!!!)

-'ડ્યુટી કોન્સીયસ'

પણ આવું **Observation** - નિરીક્ષણ પણ અંતે તો એક તાજગી જ આપે છે. હવે તમે પણ 'વોક' નીકળશો ત્યારે આવી ખાસીયતવાળા ખાસ લોકોને જોઈને મનમાં મલકાશો તો તમને કોઈ 'ખયાલો મેં' રાચતા કહેશે.

ચાલવાના ફાયદા વિશે લગભગ બધા જ જાણતા હોય એટલે એનો ઉલ્લેખ કરવો જરૂરી જણાતો નથી પણ ચાલવા માટેના કેટલાક નિયમો - પધ્ધતિઓ જાણવાં છતાં એ પ્રત્યે જાણે-અજાણ્યે બેધ્યાન 'વોકર્સ'ને નીચે મુજબના વણ માંગ્યા સુચનો છે. (એ ના ગમે તો રસ્તામાં મળો ત્યારે છૂટા હાથથી ના કરતાં હોં....

(A) ચાલવાનો ઉદ્દેશ એક પ્રકારની કસરત હોઈ શકે એટલે ઝડપથી **(Brisk Walking)** ચાલવું જ ઉપયોગી થાય. (સિવાય કે કોઈ શારીરિક તકલીફ હોય કે મેડીકલ એડવાઈઝ મુજબ ધીમે ચાલવાનું જરૂરી હોય.)

(B) ઝડપથી ચાલવા સાથે ટટ્ટાર ચાલવું પણ જરૂરી છે.

(C) ચપ્પલ - સ્લીપર - સેંડલ ટાળવા જ જોઈએ. સ્પોર્ટસ શૂઝ (જે કક્ષાના પોષાય તેવા) અચૂક પહેરવા જોઈએ. (એમાં **'Jogger's Park'** ફિલ્મ જેવા ફાયદા પણ થઈ શકે છે...!!!) ખાસ કરીને આપણે ત્યાં મહિલાવર્ગ સ્પોર્ટસ શૂઝ ન પહેરવામાં નવ ગુણ માને છે.

(D) ચાલતી વખતે પગનો પંજો સીધો પડે તે જરૂરી છે. ઘણા લોકોના પગ થોડા કે ઘણા ત્રાંસા પડતા હોય છે. (જેની એમને ખબર પણ હોતી નથી.) જે ઘૂંટણને નુકશાન તો કરે જ છે ઉપરાંત સુરમ્ય પણ લાગતું નથી. (અલબત્ત રેમ્પ ઉપર **'Cat Walk'** કરતા હોય એવું ચાલવું જરૂરી નથી...!!!)

(E) પુરૂષોએ લેંઘો પહેરવાનું અચૂક ટાળવું જોઈએ. જો ટી-શર્ટ, પેન્ટ, હાફ પેન્ટ, ટ્રેક શુટ પહેરાય તો મોર્નીંગ વોકની શોભા **(Decorum)** પણ જળવાય. મહિલા વર્ગમાં અમુક ઉંમરથી ઉપરની મહિલાઓ સાડી જ પહેરવા ટેવાયેલી હોય છે. તેમ છતાં પંજાબી ડ્રેસ પહેરે તો ચાલવામાં સુગમતા રહે. (જો કે પંજાબી ડ્રેસ અપનાવવાનો સુખદ ટ્રેન્ડ ખૂબ જ ઝડપથી વધતો જાય છે.) પણ સ્પોર્ટસ શૂઝ પહેરવાનો ખાસ આગ્રહ મહિલા વર્ગે જાતે જ કેળવવો જોઈએ.

(અનુસંધાન પાના નં. ૬ પર)

આજના દિવસનો મહિમા

- ભાનુપ્રસાદ એસ. દવે

૨૭મી મે

- ખનિજતેલના સંશોધનથી ભારતમાં એક નવા જ ક્રાંતિકારી યુગના મંડાણ કરનારા ખનિજ તેલ વિશેષજ્ઞ કેશવદેવ માલવિયાની પુણ્યતિથિ : ૨૭-૫-૧૯૮૧.
- રાજનીતિજ્ઞ, સાહિત્યકાર અને ખનિજતેલ વિભાગના મંત્રી તરીકે તેમની સેવાઓ મૂલ્યવાન હતી.
- એશિયાખંડની મોટી 'ટ્રાન્સ કાસ્પીયન રેલ્વેનો પ્રારંભ ૧૮૮૮.'
- અમેરિકાના પ્રખર બુધ્ધિશાળી ડો. હેન્રી કિસિન્જરનો જન્મદિન.
- ગ્રામ્ય અર્થકારણના પિતા દાદુભાઇ દેસાઇનો જન્મદિન : ૧૮૭૨.



- ૨૭મી મે ૧૯૬૪ પૂર્વ - વડાપ્રધાન જવાહરલાલ નહેરુનું અવસાન.
- સુધીર રંજન - સત્યરંજન ખાસ્તગીર દેશના વિખ્યાત ચિત્રકાર નંદલાલ શાંતિનિકેતનમાં અવસાન ૧૯૭૪.

મુંબઈ ગણોત વહીવટ અને ખેતીની જમીન અંગેનો કાયદો ૧૯૪૮ ની સમજૂતી

વાત કાનૂન કાયદાની...

- અશ્વિન વી. ત્રિવેદી

ખેતીની જમીન વેચાણ અંગે જે વ્યક્તિ ખેડૂત ખાતેદાર ના હોય એટલે કે બિનખેડૂત હોય તેવી વ્યક્તિને ખેતીની જમીન વેચાણ માટે સરકારે પ્રતિબંધ ઠરાવેલ છે. તેમ છતાં આવા પ્રકારનું વેચાણ વ્યવહાર અમલમાં મુકાય તો મામલતદારશ્રી અને કૃષિ પંચ ગણોત ધારા કલમ ૮૪ (સી) હેઠળ તપાસ ચલાવી વેચાણ લેનાર વ્યક્તિ ખેડૂત ખાતેદાર ના હોય તો આવા વેચાણ વ્યવહાર અમાન્ય ઠરાવી જમીન મૂળ માલિક એટલે કે વેચાણ આપનારને પરત સોંપવાનો હુકમ કરે અગર તો જમીન સરકારશ્રી દાખલ કરવામાં આવે છે. જો ૯૦ દિવસની અંદર આવા વ્યવહારો રદબાદલ કરવામાં ના આવે તો ગ.ધા. કલમ ૮૪ (૩) મુજબ આવી જમીનો સરકાર હેઠળ વહીવટ લેવાનો હુકમ કરવામાં આવે છે.

બિનખેડૂતને જમીન વેચાણ આપતા પહેલાં જિલ્લા કલેકટરશ્રી ને ગ.ધા. ક. ૬૩, ૬૫ મુજબ પરવાનગી મેળવવા આજ કરવાની હોય છે. તે મુજબ પુરતી તપાસ બાદ જિલ્લા કલેકટર બિનખેડૂતને ખેતીની જમીન વેચાણ લેવા પરવાનગી આપી શકે છે.

ખેતીની જમીનનું વેચાણ બિનખેડૂતને ટેનન્સી એક્ટની કલમ ૬૩ નો ભંગ કરીને કરવામાં આવ્યું હોય કે ટાઉન પ્લાનિંગ એક્ટની કલમ ૧૨૧ મુજબ ટેનન્સી એક્ટની જોગવાઇઓ લાગુ પડશે નહીં.

આવું વેચાણ વેચાણ ખત તેની નોંધણી તારીખથી નહીં પણ તે કર્યા તારીખથી અમલમાં આવે છે. ખેતીની જમીન વેચાણ કરવાની પરવાનગી કલેકટરે વેચાણખત કર્યા પછી, પરંતુ વેચાણ દસ્તાવેજ રજિસ્ટ્રર કર્યા પહેલાં મંજૂર કરેલ હોય તો આવો વ્યવહાર ગેરકાયદેસરનો થતો નથી.

ઔદ્યોગિક હેતુ માટે જમીન વેચવા માટે બિનખેડૂત વ્યક્તિ, કંપનીને પરવાનગી મેળવવા માટે ક. ૬૩ મુજબ આજ ગુજારવાની હોય છે. પરંતુ આવી જમીન શહેરી એકત્રીકરણની અંદર તે જમીન આવેલી હોવી જોઇએ નહીં.

વેચાણ કરવા ધારેલો જમીનનો વિસ્તાર દસ હેક્ટર કરતા વધુ હોય તો જેને જમીન વેચાણ કરવાની હોય તે વ્યક્તિ એ ઉદ્યોગ કમિશ્નરશ્રી ગુજરાત રાજયની અથવા રાજય સરકારની પરવાનગી મેળવવી જોઇએ.

ઉદ્યોગો માટે ખેતીની જમીન મંજુરી મેળવવા પહેલા ખેતીની જમીનને પ્રદૂષણ નિયંત્રણ હેઠળ પગલાં લઇ આજુબાજુની જમીનોની ખેતીનો બગાડ થતો હોય તો આવી પરવાનગી રદ્દ કરવામાં આવે છે.

વેચાણ કરવા ધારેલી ખેતીની જમીન અનુસૂચિત આદિજાતિની વ્યક્તિની માલિકીની હોય ત્યારે તેનું વેચાણ જમીન મહેસૂલ અધિનિયમ ૧૯૭૯ ની કલમ ૭૩. ક ની જોગવાઇઓ ને આધીન રહે છે.

ખેતીની જમીનનું બિનખેતી ઉદ્યોગ માટે ખરીદ કરનાર વ્યક્તિ કંપનીએ ૩૦ દિવસની અંદર નમૂનાની અરજીપત્રકમાં વિગતો કલેકટરને મોકલવાની રહે છે. તેમજ તેની એક નકલ મામલતદારશ્રીને મોકલવાની રહે છે. આવી નકલ આજનાં મોકલનારને બે હજાર જેટલો દંડ ભરવા જવાબદાર ઠરે છે.

જિલ્લા કલેકટરને ખાત્રી ના થાય તો કલમ-૬૩ ની પરવાનગી આપવાની ના પાડી શકે છે. તેમ છતાં આવી રીતે જમીનના વ્યવહાર થયા હોય તો કલમ-૬૩ ભંગ ગણી કાર્યવાહી કરવામાં આવે છે.

ઔદ્યોગિક હેતુ માટે ખેતીની જમીન ખરીદનારને કાયદાની જોગવાઇનું અથવા કેન્દ્ર અથવા રાજય સરકારના નિયંત્રણ હેઠળનાં કોઇ પણ કોર્પોરેશન સરકારી કંપની. સ્થાનિક સત્તા મંડળનાં કોઇ પણ હુકમ અથવા આદેશનું પાલન કરવાનું રહે છે.

ઉદ્યોગોના વિકાસની સાતે સાથે ખેતીની જમીન પણ એટલી જ ઉપયોગી હોય ખેતીની જમીનના ટુકડા થતા ભાગલાં પડતા અટકાવવા માટે સરકારે યોગ્ય સમયે નિયંત્રણ મુકેલ છે. વિકાસની સાથે સાથે અન્ન જરૂરીયાતને પણ ધ્યાને લેવી જોઇએ.